Seat No. : ______________

# AE-127

**August-2021**

**B.A., Sem.-VI**

**CC-314/A – Gujarati**

**(આપણાં સૉનેટ)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

નીચેનામાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના વિગતે જવાબ લખો : **42**

1. સૉનેટનાં લક્ષણોનો વિગતવાર પરિચય કરાવો.

2. સૉનેટનો ઉદ્દભવ અને વિકાસ વિગતે વર્ણવો.

3. સૉનેટ અન્ય સ્વરૂપથી કેવી રીતે જુદું પડે છે તે સમજાવી સૉનેટના પ્રકાર વર્ણવો.

4. 'આપણાં સૉનેટ' સંગ્રહમાંના પ્રકૃતિ વિષયક સૉનેટ રચનાઓ વિશે નોંધ લખો.

5. 'આપણાં સૉનેટ' સંગ્રહમાંના પ્રણયવિષયક સૉનેટ કાવ્યોની સમીક્ષા કરો.

6. 'આપણાં સૉનેટ' સંગ્રહમાંના અંજલિકાવ્યો વિશે વિસ્તૃત નોંધ લખો.

7. 'ભણકારા' અને 'રહ્યાં વર્ષો તેમાં' બંને સૉનેટની સમીક્ષા લખો.

8. 'ભરતી' અને 'વળાવી બા આવી' બંને સૉનેટનું રસદર્શન કરાવો.

## વિભાગ – II
## (ફરજિયાત)

9. નીચેનામાંથી ગમે તે **આઠ** પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **8**

(1) સૉનેટના કુલ પ્રકાર કેટલા છે ?

(a) બે (b) ત્રણ

(c) ચાર (d) પાંચ

(2) અનિયમિત સૉનેટને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(a) મિલ્ટનશાઈ (b) પેટ્રાર્કશાઈ

(c) શેક્સપિયરન (d) એકપણ નહિ

(3) ગુજરાતી ભાષાનું પ્રથમ સૉનેટ કયું છે ?

(a) 'સુખદુઃખ' (b) 'યમને નિમંત્રણ'

(c) 'મોગરો' (d) 'ભણકારા'

(4) આમાંથી કયું સૉનેટ બ.ક. ઠાકોરે રચેલું નથી ?

(a) 'ભણકારા' (b) 'ઉપહાર'

(c) 'સુખદુઃખ' (d) 'મોગરો'

(5) 'છેલ્લું દર્શન' સૉનેટમાં કવિ કોના મૃત્યુ વિશે વાત કરે છે ?

(a) બહેન (b) માતા

(c) મિત્ર (d) પત્ની

(6) 'વિદાય' અને 'વાતો' બંને સૉનેટના કવિ કોણ છે ?

(a) 'સ્નેહરશ્મિ' (b) મનસુખલાલ ઝવેરી

(c) પ્રહ્લાદ પારેખ (d) 'કાન્ત'

(7) નિરંજન ભગતે આમાંથી કયું સૉનેટ રચેલું છે ?

(a) 'આધુનિક અરણ્ય' (b) 'જાવા પૂર્વે'

(c) 'વિદાય' (d) 'ભરતી'

(8) ઉશનસે આમાંથી કયું સૉનેટ રચેલું નથી ?

(a) 'વળાવી બા આવી' (b) 'હું જાણું -'

(c) 'અહો પૃથ્વીમૈયા' (d) 'વૃદ્ધપ્રીતિ'

(9) 'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?' – આ પંક્તિ કયા સૉનેટની છે ?

(a) 'અહો પૃથ્વીમૈયા' (b) 'વૃદ્ધપ્રીતિ'

(c) 'જૂનું ઘર ખાલી કરતાં' (d) 'હું જાણું-'

(10) 'વર્ષો પછી વતનમાં' સૉનેટના રચયિતા કોણ છે ?

(a) 'ઉશનસ્' (b) ઉમાશંકર જોશી

(c) જયંત પાઠક (d) 'સુન્દરમ્'

(11) 'લીલા તારી' સૉનેટના કવિ કોણ છે ?

(a) હરીન્દ્ર દવે (b) જયંત પાઠક

(c) ચંદ્રકાન્ત શેઠ (d) સુરેશ દલાલ

(12) લાભશંકર ઠાકરે આમાંથી કયું સૉનેટ રચેલું છે ?

(a) 'સાહસનું ઈજન' (b) 'ભીનું સમયવન'

(c) 'વૃદ્ધપ્રીતિ' (d) 'હું જાણું-'

(13) 'સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી' – આ પંક્તિ કયા સૉનેટની છે ?

(a) 'ભણકારા' (b) 'ભરતી'

(c) '(ત્રિમૂર્તિ) : ગાંધી' (d) 'મરજીવિયા'

(14) 'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં' – પંક્તિમાં કયો છંદ છે ?

(a) શિખરિણી (b) મંદાક્રાન્તા

(c) હરિણી (d) પૃથ્વી

(15) 'ડોલે લેંટે અલિ મૃદુ પદે, વાય આ વાયુ તેવો' – પંક્તિ કયા સૉનેટની છે ?

(a) 'અહો પૃથ્વીમૈયા' (b) 'જાવા પૂર્વે'

(c) 'ભણકારા' (d) 'વૃદ્ધપ્રીતિ'

(16) ભગવતીકુમાર શર્માએ આમાંથી કયું સૉનેટ રચેલું છે ?

(a) 'તુલસીપર્ણ' (b) 'બાને-'

(c) 'વિદાય' (d) 'ભરતી'

Seat No. : _______________

# AE-127

**August-2021**

**B.A., Sem.-VI**

**CC-314/B – Gujarati**

**(અખાના છપ્પા)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

**નોંધ :** નીચેના પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો : **42**

1. છપ્પા સાહિત્ય સ્વરૂપની વિભાવના સ્પષ્ટ કરી, તેના લક્ષણોની વિગતે ચર્ચા કરો.

2. છપ્પા સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસની ચર્ચા કરો.

3. ગુજરાતી સાહિત્યક્ષેત્રે અખા ભગતનું પ્રદાન જણાવો.

4. 'અખાના છપ્પા' ને આધારે અખાની કવિ તરીકેની લાક્ષણિકતા જણાવો.

5. 'અખાના છપ્પા' ને આધારે જ્ઞાની કવિ તરીકેની અખાની વિશેષતાઓ વર્ણવો.

6. 'અખાના છપ્પા' ઓમાં જોવા મળતો હાસ્ય-વ્યંગની ચર્ચા કરો.

7. 'અખાના છપ્પા' ઓમાં રજૂ થયેલ સમકાલીન સમાજનું વર્ણન કરો.

8. સંક્ષેપીકરણ કરો.

   એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં તો એમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમા છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ, જે એમ વિચારે છે કે બીજાઓની પહેલાં હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થી મનુષ્ય કહે છે, હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું.' આ નિઃસ્વાર્થ વૃત્તિ જ ધર્મની કસોટી છે.

   *– સ્વામી વિવેકાનંદ*

## વિભાગ – 2

9. નીચે આપેલા હેતુલક્ષીમાંથી ગમે તે (આઠ) પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો : **8**

(1) અખાના પિતાનું નામ શું છે ?

(a) રમણદાસ (b) રહિયાદાસ

(c) મંગળદાસ (d) મગનલાલ

(2) 'અખાના છપ્પા'ઓનું સંપાદન કોણે કર્યું છે ?

(a) અનંતરાય રાવળ (b) રમેશ ત્રિવેદી

(c) બ.ક. ઠાકોર (d) ઉમાશંકર જોશી

(3) 'અખાના છપ્પા' કેટલા અંગમાં વહેંચાયેલા છે ?

(a) 45 (b) 44

(c) 46 (d) 43

(4) 'માયા અંગ' માં કેટલા છપ્પા છે ?

(a) 34 (b) 44

(c) 24 (d) 14

(5) નીચેનામાંથી કઈ કૃતિ અખાની નથી ?

(a) ગુરુશિષ્ટ સંવાદ (b) આત્મજ્ઞાન

(c) અનુભવબિંદુ (d) અખેગીતા

(6) 'શિષ્ય અંગ' માં અખાના કેટલા છપ્પા છે ?

(a) 23 (b) 08

(c) 17 (d) 20

(7) અખાનો જન્મ ક્યાં થયો હતો ?

(a) ખાડિયા (b) દરિયાપુર

(c) જેતલપુર (d) ગોમતીપુર

(8) અખાનું પ્રારંભિક સર્જન કયું છે ?

(a) બ્રહ્મલીલા (b) પંચીકરણ

(c) અખેગીતા (d) અનુભવબિંદુ

(9) જ્ઞાનમાર્ગી કવિઓ કઈ વિચારધારાના કવિઓ છે ?

(a) સગુણ (b) અવગુણ

(c) બહુગુણ (d) નિર્ગુણ

(10) અખાના ગુરુનું નામ જણાવો.

(a) સરસ્વતીનંદ (b) દયાનંદજી

(c) બ્રહ્માનંદ (d) ગોસાઈજી

(11) અખો વ્યવસાયે શું કરતા હતા ?

(a) નોકરી (b) સોની

(c) વાર્તાકાર (d) કથાકાર

(12) અખાને ગુજરાતી સાહિત્યમાં 'હસ્તા કવિનું' બિરુદ કોણે આપ્યું છે ?

(a) સુરેશ જોશી (b) ઉમાશંકર જોશી

(c) સુંદરમ્ (d) અનંતરાય રાવળ

(13) અખાની પરિણિત પ્રજ્ઞાનું ફળ તરીકે કઈ કૃતિને ગણવામાં આવે છે ?

(a) ગુરુ શિષ્ય સંવાદ (b) પંચીકરણ

(c) અનુભવબિંદુ (d) અખેગીતા

(14) 'અખેગીતા' કેટલા કડવામાં રચાયેલી રચના છે ?

(a) 40 (b) 45

(c) 48 (d) 50

(15) અખાની બધી કૃતિઓમાં એક જ રસ છે.

(a) હાસ્યરસ (b) ભક્તિરસ

(c) બ્રહ્મરસ (d) શાંતરસ

(16) છપ્પાઓને અખાએ કયા નામથી વહેંચ્યા છે ?

(a) ખંડ (b) સર્ગ

(c) અંગ (d) કડવા